# ડાંગર સંશોધન કેન્દ્ર, આકૃયુ, ડભોઈ ખાતે "૭૮" માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાં આવી

ડાંગર સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ડભોઈ ખાતે તા. ૧૫ મી ઓગષ્ટ, ૨૦૨૪ ના રોજ ૭૮ માં સ્વાતંત્ર્ય દિનની ઉત્સાહભેર ઉજવણી ના ભાગ રૂપે ધ્વજવંદન તથા વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં સર્વે અધિકારીઓ/કર્મચારીઓ તેમજ શ્રી સરદાર પટેલ ઉતર બુનિયાદી વિદ્યાલય અને મોડેલફાર્મની પ્રાથમિક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ ઉમંગથી ભાગ લીધો હતો.

કાર્યક્રમ ની શરૂઆતમાં કચેરીના વડા શ્રી એ. જી. પંપાણીયા સાહેબના વરદહસ્તે રાષ્ટ્રધ્વજને ફરકાવવામાં આવ્યો અને કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે લોકોને આપણાં દેશને આઝાદ કરવા માટે શહીદ થયેલા ક્રાંતિવીરોના પરાક્રમોને વાગોળી અને ઉપસ્થિત સૌ લોકો તથા બાળકોને પોતાની દેશ પ્રત્યેની નૈતિક ફરજો વિષે તેમજ કામ પ્રત્યેની નિષ્ઠા વિષે સમજાવ્યું.

અત્રેની શ્રી સરદાર પટેલ ઉતર બુનિયાદી વિદ્યાલયના પ્રિન્સીપાલ શ્રી જે. બિ. પટેલ સાહેબે પોતાનું પ્રાસંગિક ઉદબોધન આપ્યું ત્યારબાદ સર્વે અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું જેમાં લીમડાના ૧૦ જેટલા વૃક્ષનું પ્લાંટેશન કચેરીની આજુબાજુના વિસ્તારમાં કરવામાં આવ્યું. સમગ્ર કાર્યક્રમનું ઉત્સાહ્ભેર આયોજન શ્રી વિપુલ રૈયાણી, શ્રી ફતેસિંહ રાઠવા અને મહેશ રાઠવાએ કર્યું હતું. ત્યારબાદ કાર્યક્રમને અંતે સર્વે અધિકારીઓ/કર્મચારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અલ્પાહાર કરી છૂટા પડ્યા હતા.






ડાંગર સંશોધન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી












જય ભારત માતા